# ભલે, ભલે, ભલે

"આપનો મારા પર ઘણો ઉપકાર છે."

"એમ ના બોલો ભાઈ, ઉપકાર કરનાર હું કોણ? સર્વનો કર્તાહર્તા ઈશ્વર છે."

"એ તો છે જ, પણ ઈશ્વર કંઈ સદેહે નીચે ઊતરીને મારી છોકરીના દવાદારૂ માટેના રૂપિયા ના આપી જાત. એ તો આપ જેવા મહાન માણસની મારફત જ કરાવે છે."

"હું મહાન-બહાન નથી ભાઈ, એક પામર મનુષ્ય માત્ર છું. પ્રભુ શક્તિ અને મતિ આપે એટલું જ કહું છું. એમાં કંઈ નવાઈ નથી કરતો."

"પણ એ તો આપની નમ્રતા છે. બાકી આપ..."

"વધુ બોલીને મને પાપમાં ન પાડો ભાઈ, હજુ પણ હું આપના માટે કાંઈ કરી શકું તો આનંદ થશે."

ઈશ્વરના દરબારમાંથી પાછલા પગે ચાલીને પાછા ફરતા હોય એમ મનજી માસ્તરે કૃપાશંકર પુરોહિતની રજા લીધી.

એ ગયા એટલે કૃપાશંકરે ઈશ્વરની છબી તરફ જોઈને હાથ જોડ્યા.

ગદ્‌ગદ થઈને બોલ્યા, "હે પ્રભુ, મારા વહાલા, કોઈની પ્રશંસા જીરવવાની પણ શક્તિ દેજે, હું છકી ના જાઉં, કારણ કે આવું કોઈક બોલે છે ત્યારે હાથની રુવાંટી પર કીડી ફરતી હોય એવું લાગે છે. હલી જવાય છે. મને એવા હલી જવામાંથી તું હે મારા દીનાનાથ બચાવજે."

છબીમાંથી દીનાનાથ બોલ્યા, "ભલે."

■ ■ ■

"કૃપાશંકરભાઈ, આપના તો બસ, નામ પ્રમાણે જ ગુણ છે."

"શિવ શિવ, શિવભાઈ, મારાં વખાણ ના કરો. મારું જીવન ભગવાન શંકરની કૃપાનો પ્રસાદ છે. હર શ્વાસ શંકરની કૃપા છે. નીંદરમાંથી જાગું છું ત્યારેય શંકરદાદાનો પાડ માનું છું કે મને જીવતો જગાડ્યો એનો અનુગ્રહ છે."

"એ તો છે જ કીરપાભાઈ, પણ આપ ખુદ કૃપાળુ છો એમાં બેમત નથી. નહીંતર આવી થરથરતી ટાઢમાં ફૂટપાથ પર સૂતેલાઓને ધાબળા ઓઢાડવા કોઈ માઈનો લાલ નીકળે?"

"એવું નથી ભાઈ, હું તો ક્ષુલ્લક જીવડો માત્ર છું. જાતે કાંઈ કરતો નથી. મારો વહાલો સુઝાડે એમ કરું છું."

"ઈશ્વર તો કોઈને જમૈયો હુલાવવાનુંય સુઝાડે છે, એની ક્યાં વાત કરો છો? આ તો આત્મા આત્માના ફેરની વાત છે. તમને કેમ પુણ્યનાં કામ સુઝાડે છે?"

"એનો અનુગ્રહ, બીજું શું? બાકી આપણે સૂક્ષ્મ રીતે તો પગલે-પગલે પાંચ લાખ સુધીના જીવની હિંસાના કરનારા પાતકી. એમાં પાંચ-પચીસ ફૂટપાથિયાને ધાબળા ઓઢાડીને શી વશેકાઈ કરી?"

"તમારી એ ખાનદાની કે આમ બોલો છો, બાકી કોણ કરે છે આજ આવું?"

બોલનાર આવી રીતે અહોભાવી અહોભાવીને ચાલ્યો ગયો, પણ પાછળથી તરત કૃપાશંકર ભગવાન શંકરની છબી તરફ વળ્યા. નમન કર્યું. બોલ્યા, "પ્રભુ રુવાંટીમાં કીડી ગલગલિયાં કરે ને હલી જાઉં, એમ મારા મારગમાંથી ચળી જાઉં છું. મારા ભોળા શંભુ મને બચાવજે. મારો હાથ પકડજે."

પ્રભુ બોલ્યા, "ભલે."

■ ■ ■

"કૃપાશંકરભાઈ, તમે તો મને સંચોડો ખરીદી લીધો."

"કાં ભાઈ?"

"મારી બૈરીને કટોકટીની ઘડીમાં તમે તમારી ગાડી ડ્રાઇવર સાથે

કાઢી આપી અને દવાખાને પહોંચાડી. બે ઘડી મોડું થયું હોત તો શુંનું શું થઈ જાત એનો વિચાર કરતાં પણ મને અત્યારે કંપારી છૂટે છે. તમારા માટે મારી ચામડીના જોડા સીવડાવું તોય ઓછું છે. તમારા ઉપકારમાંથી હું કયા ભવે છૂટીશ!"

"કોઈ કોઈના ઉપકારમાં કદી હોતું જ નથી. ઉપકાર માનવો હોય તો આ ઉપરવાળાનો માનો. બાકી ઉપકાર કરનાર હું કોણ આ તો કહેલું છે ને કે શકટનો ભાર જ્યમ શ્વાન તાણે..."

"અરે હોય કંઈ? આપ તો સાક્ષાત્ સંત છો."

"હું કંઈ નથી ભાઈ, માણસ છું. માનવધર્મ બજાવવાનો પાંગળો પ્રયાસ કરું છું, એથી સ્વાર્થ એ સધાય છે કે આત્મા આનંદમાં રહે છે. જનસેવા એ જ પ્રભુસેવા. આ તમે જુઓ છો એ મોટર, બંગલો, ધન વગેરે કાંઈ જ મારાં નથી. હું તો કેવળ ટ્રસ્ટી છું. તમારે જરૂર હતી તે તમને વાપરવા આપ્યાં. એમાં કોઈ નવાઈ નથી કરી. માટે એ વાત તો ભૂલી જ જજો કે મેં તમારા માટે કાંઈ કર્યું છે."

"અરે, એમ તે કાંઈ ભૂલી જવાતું હશે? મને નુગરો સમજો છો?"

પીગળતાં-પીગળતાં બોલનાર પાણીનો રેલો જોઈને રહી ગયો. જોઈને કૃપાશંકરને દુઃખ થયું. ભગવાન કૃષ્ણની છબી પાસે જઈને સાષ્ટાંગ કર્યાં. "મારા વહાલા, અંતર્યામી, શરીર ઉપર ધ્યાનાવસ્થામાં પણ કીડી ફરફર કરતી હોય એવાં આ મારાં વખાણ મને ચળાવે છે. મને એમાંથી ઉગારજે."

કૃષ્ણ બોલ્યા, "ભલે."

■ ■ ■

"કેમ ભાઈ, નવી નોકરીમાં ફાવે છે ને?"

"ઠીક છે, કૃપાશંકરભાઈ, કરીએ છીએ."

"કેમ ભાઈ, એમ મોળું બોલે છે? અગાઉ મળતા હતા એના કરતાં તો આ નોકરીમાં તને પાંચસો-સાતસો વધારે છે. કંપનીના રસોડે સવારે બે રૂપિયામાં ફર્સ્ટ ક્લાસ જમવાનું મળે છે, તોય આમ કાં બોલે? તને આ નોકરી અપાવતાં મને કેટલી મહેનત પડેલી જાણે છે ને?"

"એ ઠીક, પણ કંપની કાંઈ નવાઈ નથી કરતી. તેલ પાઈને એરંડિયું કાઢે છે."

"એવું હોય તો આ કંપનીની નોકરી માટે ભલભલા લાઇન કાં લગાડે?"

"બેકાર હોય એ લગાડે, બાકી હું ક્યાં અડદના ખેતર વચ્ચે બેઠો હતો? આ તો મારા બાપાની બહુ ઇચ્છા હતી એટલે તમને કહેલું કૃપાશંકરકાકા..."

"તે મને કહ્યું તો થઈ પણ ગયું ને?"

"કૃપાશંકરકાકા, ખોટું ના લગાડતા, પણ સાચું કહું? તમારા કરતાંય દસ ગણી મોટી વગ ધરાવનાર મારા એક ફ્રેન્ડને કંપની સાથે સાવ ઘરોબો છે, પણ મારે એને કહેવું નહોતું, કારણ કે મારા બાપા તમારા નામનું ગાણું ગાયે રાખતા હતા."

"તે બાપો ભલેને કહે! તારે કહેવું હતુંને તારા એ ફ્રેન્ડને?"

"કહ્યું તો ખરું કે બાપા તમારા નામની મોંપાટ લેતા હતા."

"મને તું આમ બોલીશ એવી ખબર હોત તો મારો લાખ રૂપિયાનો સંબંધ તારી નોકરી માટે વટાવત નહીં."

"પણ તે એમાં કઈ મોટી ધાડ મારી? નોકરી તો મારી લાયકાત પર મળી છે ને! તમારી વગ લગાડી તે શું થઈ ગયું? ડબલ પગાર આપ્યો?"

"કેમ? મારી લાગવગે કાંઈ જ ના કર્યું?"

"મારા નસીબમાં ઈશ્વરે તમારી લાગવગ લગાડવાનું લખ્યું હશે, બસ?"

"એમાં વળી ઈશ્વર! હં હં...!"

"ત્યારે શું? સાચી વાત છે ને? નોકરી અપાવનાર તમે કોણ? હું તો ઈશ્વરમાં માનનારો છું. એની ઇચ્છા વગર પાંદડુંય હલતું નથી એમ તમે જ કહેતા હો છો. એની ઇચ્છા હતી તો મને નોકરી મળી."

"તારી જૂની નોકરીમાં સસ્પેન્ડ થયેલો ત્યારે ઈશ્વર કેમ આડે

નહોતો આવ્યો ને આ નોકરી ચોખ્ખી મારી વગથી મળી એમાં ઈશ્વરને વચ્ચે લાવે છે! તારી તો બુદ્ધિ ફરી ગઈ છે! નુગરો તે સાવ તેમાં!"

"ઈશ્વર તો સાડી સત્તર વાર. બાકી તમે કરનાર કોણ?"

કૃપાશંકરના મગજમાં જબરી ઝાંઝ ચડી ગઈ. "હું કરનાર કોણ?" એ ત્રાડ પાડીને બોલ્યા, "હું ઈશ્વરનો બાપ! હવે કે'વું છે કાંઈ?"

છોકરો પગ પછાડતો ચાલ્યો ગયો. કૃપાશંકર પુરોહિતની આંખોમાં અંગારા વરસી રહ્યા. મગજમાં ગરમ-ગરમ વંટોળિયો ફૂંકાયો. એ બારણા તરફ તાકી રહ્યા.

થોડી વારે ભગવાનના ગોખ તરફ વળ્યા. ગુસ્સાથી બિડાઈ ગયેલા હોઠ એમણે પરસ્પર ખોલ્યા, બોલ્યા, "હે ભગવાન, હે દીનદયાળ, હે ત્રણ લોકના સ્વામી, સાંભળ, ધ્યાનાવસ્થા દરમિયાન રુવાંટીમાં કીડી સળવળતી હોય એ તો હજુય સહન થશે. બાકી કાળી કીડી આમ આ રીતે તીખો ચટકો ભરશે એ તો સહન નહીં જ થાય હોં! હું માણસ છું, તારી જેમ ભગવાન નથી."

ત્યારે પણ છબી માંયલા ભગવાન બોલ્યા, "ભલે."

# મારો, ઉગામો યા મારવાનું વિચારો

બે ખેતર વચ્ચેના શેઢે મારો પગ જરા બોરડીના ઝૈડિયામાં ભરાયો. નીચો વળીને હું કાઢવા જતો હતો ત્યાં પગે પડતો હોય એમ પદ્દુ સાવ નીચે બેસી ગયો અને મારા પાટલૂનના પાઇચામાંથી ભરાયેલા કાંટાળા ઝૈડિયા કાઢવા માંડ્યો. એની સાથે મારી નજર મળી કે તરત જ એ આજ્ઞાંકિત લક્ષ્મણ જેવું મોં કરીને બોલ્યો, “લાભુભાઈ, મારી સાઇકલ લઈ લીધી હોત તો!”

“ના રે,” હું બોલ્યો, “સાઇકલ કરતાં ટાંટિયા સારા. સાઇકલમાં તો પંક્ચર પડે તો એને ઢસડવી પડે. જ્યારે ટાંટિયામાં પંક્ચર પડે નહીં, સાત કાંટા વાગે તોય.”

“પણ લોહી નીકળે, ઘા પાકે એનું શું?”

સામે, આકાશમાં ચાંદો ઊંચે ને ઊંચે ચડતો જતો હતો. ખેતરની કાળી માટી ઉપર ચાંદની ફેંકાઈને કાળી પડતી જતી હતી. મારા મનમાં રહી-રહીને પદ્દુ તરફ જે લાગણીની એક રૂપેરી લહેર ઊઠતી તે વારેવારે થોડીથોડી મેલી થતી જતી હતી. આમ કંઈ એનો વાંક નહોતો. છેક નાનપણથી મારે જ ત્યાં રહીને ઊછર્યો હતો. અમે કંઈ ભાઈઓ નહોતા છતાં લોકો એને લક્ષ્મણ કહેતા. મારી પગચંપી કરે, માથામાં માલિશ કરી આપે, નાહવા બેસું ત્યારે વાંસો ચોળી આપે.

એક વાર બોલ્યો, “ભાઈ, તમારા બરડામાં હમણાં-હમણાં લોહી સારું ચડ્યું છે હો.”

“કાં” મેં પૂછ્યું હતું, “તારું ધ્યાન હમણાં ગયું?”

એ પહેલાં તો ઘડી મૂંગો-મૂંગો વાંસો ચોળી રહ્યો. બરડા પર ટાઢા પાણીનો કળશ્યો રેડ્યો. મને બહુ સારું લાગ્યું, પણ ફરી વાર

પદુએ કરેલી ટીકા યાદ આવી ગઈ. ફરી વાર મેં પૂછ્યું, "કાં, કેમ બોલ્યો નહીં?"

"શું બોલું?" એણે કહ્યું, "આટલાં વરસથી ઘણી વાર તમારો વાંસો ચોળું છું, પણ આટલો બધો નીરખીને પહેલી જ વાર જોયો."

હું હસ્યો. પુરુષના વાંસામાં તો શું જોવાનું હોય!

"લોહીનું તળાવ," એ બોલ્યો, "તમારા વેરથી તમારી વશેકાઈ સંખાતી નથી. તમારા વાંસામાં અમને તમારી મરદાનગી દેખાય, પણ એ કાળમુખાઓને લોહીનું તળાવ."

ઊભો થઈને હું ટુવાલથી ડિલ લૂછવા માંડ્યો. બે હાથથી પીઠ પાછળ ટુવાલ ગોઠવીને જોરજોરથી ઘસ્યો. પછી ધોયેલો, ઇસ્ત્રી કરેલો લેંઘો ચડાવ્યો. સદરો ચડાવ્યો. પાટલે બેઠો. પદુ હાથ ધોઈને મારા પગ પાસે બેઠો.

"કોણ?" મેં પૂછ્યું, "કોણ એવું બોલતું હતું?"

હું ધારતો હતો એ જ નામ નીકળ્યું. રાજસિંહ રાઠોડ... બીજું કોણ હોય મારા લોહીનું તરસ્યું? શેઢાની જૂની તકરાર... સાચો હું, પણ મૂછે હાથ દઈને એ કહે કે સાચો ધરાર હું... હું જ...

"બોલ્યા કરે..." મેં કહ્યું, "બોલ્યે શું વળે?" બોલ્યા પછી હું વિચારમાં પડી ગયો. છેલ્લે-છેલ્લે જિલ્લાની કોરટમાં રાઠોડ હારી ગયો ત્યારનો મારું કે મરું એવો થઈ ગયો છે. વારેઘડીએ મૂછે તાવ દીધા કરે. રાતાચોળ ડોળા કરીને ફર્યા કરે. એની ટોળકીની વચ્ચે બેઠો-બેઠો હાકલા માર્યા કરે. બોલ્યો હશે. લોહીનું તળાવ છે એમ બોલ્યો પણ હશે... પણ... પણ... મને મનમાં ઊંચાનીચા થયું... પણ...

"પણ..." મેં હોકાની નળી નજીક ખેંચીને કહ્યું, "પણ પદુ, તને કેવી રીતે ખબર? આપણે તો કોઈ દિવસ એની ચંડાળ ચોકડી પાસેથી ઢૂંકાતાય નથી!"

"મને રજેરજની ખબર પડે." પદુ બોલ્યો, "એની ચોકડીમાં જે એક છગનો લાંઠ છે એ મારો ભાઈબંધ છે."

"તારો ભાઈબંધ!" મને બહુ નવાઈ લાગી, "તારો ભાઈબંધ કેવી

રીતે?"

"એનેય પાનાં રમવા જોઈએ... મને પણ જોઈએ..." એ બોલ્યો, "એટલે ક્યાંક ને ક્યાંક ભેગા થઈ જઈએ. એ બોલતો હતો મારો બેટો."

"શું?"

"એ જ કે રાજસિંહ બાપુની ટાંપ હવે લાભુભાઈ પર છે. મહિના બે મહિનામાં..."

મારા શરીરમાં આછી ધ્રુજારી આવી ગઈ, છતાં જરી મરક્યો. હોકાની નાળ એક તરફ કરી પૂછ્યું, "તું કંઈ ના બોલ્યો?"

"બોલ્યો ને!" એણે કહ્યું, "હું બોલ્યા વગર રહેતો હોઈશ! કહ્યું કે લાભુભાઈને મારવો એ કાંઈ રાંડીરાંડના ખેલ નથી... તમારો બાપુ..."

"હા..." મેં કહ્યું. થોડો સ્વસ્થ થયો. વળી હોકો ગગડાવ્યો.

"મારો બેટો કહે કે હરામનું ખાઈને લાભુડો સાળો પાડા જેવો થઈ ગયો છે... બહુ લોહી ચડ્યું છે કાંધે... એક દી રાતવરત વેતરાઈ જાવો છે બાકી, અમારા દરબારને હાથે..."

હું કશું બોલ્યો નહીં. વિચાર કરવા માંડ્યો.

"પછી ક્યે..." પદુ બોલ્યો, "છગનો લાંઠ ક્યે કે લાભુડાનો વાંસો એટલે લોહીનું તળાવ જોઈ લ્યો. એમાં ના'વાથી ગંગાસ્નાનનું પુણ્ય મળે એમ અમારા બાપુ કહેતા હતા..."

"તારી જાતનો તે કઢીચટ્ટો મારું..." મારાથી વેણ નીકળી ગયું. "અહીં જાણે બંગડી પહેરીને બેઠા હોઈશું કાં?"

"મેં કીધું," પદુ બોલ્યો, "તારા દરબારને કે'જે કે અમારા લાભુભાઈને મારવા માટે એની હજામના સજિયા જેવી છરી કામ નો આવે... સિંહને મારવો હોય તો મુરખાવ... ભાલો જોઈએ ભાલો, એમાં તમારા રમકડાના સૂયા કામ નો આવે..."

"તારે આવું બોલવાની કંઈ જરૂર?" મેં કહ્યું.

"સાંભળો તો ખરા..." પદુ આવેશમાં આવીને બોલ્યો, "એ એના મનમાં સમજે છે શું?"

"પણ..."

"અરે મેં કીધું કે નવ ઇંચના અને વેંત જેવા ફણા જેવો છરોય લાભુભાઈના વાંસામાં ઓછો પડે સાલા કોડા... તમે નહીં માનો લાભુભાઈ, પણ... મારે એની સાથે મારામારી થતાં રહી ગઈ."

હું એના મોં સામે જોઈ રહ્યો. પદુના મોં ઉપર લાલચોળ આવેશ ફરી વળ્યો હતો. મનોમન એ કોઈના વાંસામાં છરીના ઘા મારતો હતો કે શું? અને એ વાંસો કદાચ મારો જ...

થોડી વારે એ શાંત થયો. "ગરમ ન થા," મેં કહ્યું, "પાણી-બાણી પી... બોલનારા બોલ્યા કરે... એમ તારો શેઠ... હું થોડો વેતરાઈ ગયો?"

ભારે સ્વાદ કરીને ઊઠ્યો હોય એવી એની સૂરત થઈ ગઈ. ઊભા થઈને એણે કોણ જાણે કેમ પાણીથી કોગળા કર્યા.

બીજે દિવસે એ મારો વાંસો ચોળવા બેઠો ત્યારે અચાનક જ મારા શરીરમાંથી ધ્રુજારી પસાર થઈ ગઈ. કેવી રીતે હું પીઠ ધરીને બેઠો હતો. લોહીનું તળાવ કોઈના મોં સામે ધરીને... કોઈ ધારે તો ઘચા... ઘચ... ઘચા... ઘચ... ઘચા... ઘચ...

"રહેવા દે," મેં પદુને કહ્યું, "નથી ચોળવો વાંસો... ને તું આમ..." મેં કહ્યું, "મારી સામે બેસ..."

* * *

ચાંદો માથે ચડ્યો. અમે અમારા ખેતરની નજીક પહોંચી ગયા. રાજસિંહના ખેતર પાસેથી પસાર થતાં મારા મનમાંથી ભયનું એક લખલખું પસાર થઈ ગયું. પદુ મારી પાછળ-પાછળ ચાલતો હતો. એકાએક અણધારી રીતે જ મારાથી બોલાઈ ગયું:

"પદુ."

"શું ભાઈ?" એણે કહ્યું.

"તારે કદી મારી પીઠ પાછળ ના ચાલવું... આગળ જ રહેવું શું સમજ્યો?"

"ભલે." એણે કહ્યું.

# મીઅરલી એ...

મને લાગે છે કે હું જરા મોડો પડ્યો હોત તો પાર્ટીમાં મારા નામની બૂમ ઊઠત.

એટલે જઈને તરત જ મેં ખભા પરની શાલ સરખી કરી. ચહેરા પર પસ્તાવાનો ભાવ લાવીને મહેમાનો તરફ દિલગીરીના હાથ જોડ્યા અને પછી હવે શું કરવાનું એની સૂચના મેળવવા માટે લલિતને શોધવા નજરને ચોતરફ ફેરવી.

પણ ત્યાં જ એણે આવીને મારા ખભે હળવો હાથ મૂક્યો. મને રાહત થઈ. એ લલિત જ હતો. સહેજ લળીને કાનમાં ફૂંક મારતો હોય એવા ધીમા અવાજે બોલ્યો, "આપ મોડા થયા એટલે કાર્યક્રમમાં થોડો ફેરફાર થયો છે." એ જરી સંકોચથી બોલ્યો, "પહેલાં આપણે જમી લેવાનું છે. બૂફે છે. એ પતે એટલે પછી તરત જ આપની ગઝલોનો કાર્યક્રમ."

"સાજિંદા?"

"આવી ગયા છે." એ બોલ્યો. એણે દૂર ખૂણામાં આંગળી ચીંધી, "જુઓ ત્યાં જમે છે." રહેમત ખાન અને ગોવિંદ શર્મા હાથમાં પ્લેટ લઈને ઊભા-ઊભા અને જમતાં-જમતાં કોઈ સાથે વાતે વળગ્યા હતા. એ 'કોઈ' કોણ હતું? સફેદ ગૂંચળિયા વાળ અને સોનેરી ફ્રેમનાં ચશ્માં. સફારીમાંથી આગળ નીકળી આવેલું પેટ! ડહોળાયેલા પાણીમાં ખળભળી ગયેલી રેખા ફરી ધીરે-ધીરે સ્પષ્ટ થાય એમ એમનું ચિત્ર ધીરે-ધીરે મારા મનમાં સ્પષ્ટ થયું; આ તો ધીરેન ચોકસી! ઓળખતાં આટલી વાર લાગી, કારણ કે છેલ્લે એમને જોયા ત્યારે ગૂંચળિયાળા વાળ બિલકુલ કાળા હતા. ગરદન પર આટલો ચરબીનો થર નહીં અને કમરપટ્ટો વારંવાર ટાઇટ કરવો પડે એવું પેટ. મારા સાહેબ હતા. હું એમના હાથ નીચે ક્લાર્ક હતો. એક

વાર ટેબલ પર થાપ આપીને તબલાં વગાડતાં એ મને જોઈ ગયેલા. તરત જ તો કંઈ કહ્યું નહોતું, પણ ચેમ્બરમાં બોલાવ્યો હતો અને...

યાદની સ્વિચ ઑફ કરીને હું ઝડપથી એમની તરફ ગયો. રહેમત ખાન અને ગોવિંદ શર્મા પરથી હટીને તરત જ એમની નજર મારા ઉપર ગઈ. "અરે?" એ હાથમાંનો કોળિયો મોં પાસે થંભાવીને બોલ્યા, "આવી ગયા. તમે ચંચલ! કેમ છો? હાઉ આર યૂ?"

"હાઉ આર યૂ સર?" મેં લળીને કહ્યું, "ઘણાં વરસે જોયા આપને. બહુ આનંદ થયો."

બોલતાં-બોલતાં ખરેખર મારામાં આનંદની નાનકડી લહેર દોડી ગઈ. બહુ દુઃખના દિવસો હતા એ મારા. ટૂંકા પગારમાં ઘરનું પૂરું કરવાનું હતું. સંગીતનો શોખ પાછો દુષ્કાળમાં અધિક માસની જેમ વળગ્યો હતો. મન આખો દિવસ સંગીતમાં ડૂબેલું રહેતું ને મગજ કારકૂનીના કમનસીબ જગતમાં. બહુ કશમકશ રહેતી હતી. ચોકસીસાહેબ ક્યારેક મારા ઉપર બહુ ગુસ્સે થઈ જતા. નોકરીમાંથી ફારેગ કરવાની ધમકી પણ વારંવાર આપ્યા કરતા.

કેવા દિવસો હતા! પણ આજે એ બધું યાદ કરવાની મજા આવતી હતી. સંગીતના જગતમાં મેં આજે આખા દેશમાં ઊંચામાં ઊંચું નામ મેળવ્યું, કીર્તિ મેળવી અને છેલ્લે પદ્મશ્રીનો ઇલકાબ પણ. સફળતાના એ જબરદસ્ત ડુંગરની ટોચ પર રહીને ગઈકાલની એ લાચારીની ખીણ જોવામાં એક જાતનો રોમાંચ થતો હતો. એ વખતે હું એક પ્રભાવશાળી એક્ઝિક્યુટિવ આગળ કેવો દીન-હીન લાગતો હતો!

મારા મનના પ્રવાહને પકડીને ચોકસીસાહેબ જાણે કે અત્યારે એકાએક મારી સાથે થઈ ગયા. ગળા નીચે કોળિયો ઉતારતાં બોલ્યા, "ઘણા વખતથી તમને મળવાની ઇચ્છા હતી. ગયા મહિને હું બૉમ્બે આવ્યો હતો ત્યારે ફોન પણ કરેલો, પણ તમે અમેરિકા ગયા હતા."

"હા," મેં ટેબલ પરથી પ્લેટ હાથમાં લેતાં કહ્યું, "હા, ત્યાં એક મહિનાની કલ્ચરલ ટ્રિપ હતી!"

"બહુ મોટા માણસ થઈ ગયા." એ બોલ્યા, "અમે તો હવે યાદ પણ શાના આવતા હોઈશું?"

"એવું નથી ચોકસીસાહેબ," મેં કહ્યું, "આપને કેવી રીતે ભૂલી શકું?"

"જોયું," એકદમ એ મારા તબલચી રહેમત ખાન તરફ જોઈને બોલ્યા, "હું નહોતો કહેતો? ના જ ભૂલે. ભૂલવા ધારે તો પણ." એમણે પ્લેટમાં લચકો શીખંડ લીધો. વળી બોલ્યા, "હી વૉઝ મીઅરલી એ ક્લાર્ક અન્ડર મી." વળી મારા તરફ જોઈને આંખો ચમકાવી, "ઍન્ડ આઇ યુઝ્ડ ટુ ફાયર હિમ ડેઇલી. એને દરરોજ ધમકાવતો... નહીં?"

"જી." મેં કહ્યું અને નીચે જોયું.

"અને..." વળી એ વાયોલિનિસ્ટ ગોવિંદ શર્મા તરફ જોઈને જોરથી હસ્યા, "હો... હો... હો... અને એ મારી સામે એક હરફ પણ ના ઉચ્ચારી શકતા, ખરું કે નહીં?"

હું ધીમું હસ્યો.

પાછળથી કોઈ સ્ત્રીસ્વર સંભળાયો. મેં પાછું ફરીને જોયું. મધ્યમ વયની કોઈ સ્ત્રી હતી. એની સાથે કોઈ જુવાન છોકરી. એના હાથમાં ઑટોગ્રાફ બુક હતી. સમજી શકતો હતો મારા માટે આ અનુભવ નવો નહોતો. મેં એને બહુ સ્મિતપૂર્વક કહ્યું, "જરા જમી લઉં?"

"ઓ..." એણે ભ્રૂકુટિ ઊંચી કરીને હાસ્ય છેડ્યું, "ઑફ કૉર્સ, ઑફ કૉર્સ, આઇ ઍમ સૉરી, આઇ ઍમ ડિસ્ટર્બિંગ યૂ."

હું કશું કહેવા જતો હતો ત્યાં જ ચોકસી બોલ્યા, "ડૉન્ટ બોધર મોના. ડૉન્ટ બી ફૉર્મલ. ચંચલ બહુ મોટા માણસ હશે, પણ એ આપણા માટે નહીં."

મને એમની આ નિકટતા ગમી. થોડું સારું લાગ્યું. મેં કહ્યું, "શ્યૉર..." તરત જ એ બોલ્યા, "તને ખબર નથી મોના? ચંચલ મારી નીચે એક જમાનામાં માત્ર જુનિયર ક્લાર્ક હતા!"

"અંકલ!" મોના બોલી, "આ વાત અગાઉ તમે કહી હતી."

"સો વૉટ..." એ એકદમ ગંભીર થઈ ગયા, "એ ફૅક્ટ ઇઝ ઑલ્વેઝ ફૅક્ટ..."

ગોવિંદ શર્મા અને રહેમત ખાન મારી તદ્દન નજીક આવ્યા. મારું જમવાનું પણ પૂરું થઈ ગયું હતું. રુચિ જ નહોતી રહી; અંદરથી જાણે કે પેટમાં ચૂંથારો થતો હતો.

ગોવિંદ શર્મા બોલ્યા, "ચંચલજી... આજ આપની પોલ પકડાઈ ગઈ હોં..."

એના અવાજમાં જમ્યા પછી હળવી મશ્કરી હતી. એવો સંબંધ થઈ ગયો એની સાથે. મેં પણ એની મશ્કરી માણવાના પૂરા ભાવથી પૂછ્યું, "ક્યા બાત હૈ ભાઈ?"

"યું નહીં બતાયેંગે..." રહેમત ખાન પણ બોલ્યા, "આપકો યહ બાત બતાના પડેગા કી અસલ મેં નવેલી બેગમ થી કૌન?"

"નવેલી બેગમ?" મારે કપાળે કરચલીઓ પડી, "વો કૌન?"

અચાનક જ પાછળ જોરથી કોઈનો હાથ પડ્યો. ચોકસી હતા. હાથ ધોઈને આવી ગયા હતા. પાનનો ડૂચો મોંમાં એક તરફ હડસેલતાં એ બોલ્યા, "ભૂલી ગયા?" પછી બોલ્યા, "અરે! તમારી પેલી ઠોઠિયા સાઇકલ! જેને પંક્ચર રિપેર કરાવવાના તમારી પાસે પૈસા નહોતા."

"હા." મને યાદ આવ્યું. મારી ભંગાર સાઇકલનું નામ મેં નવેલી બેગમ પાડ્યું હતું. પંક્ચર પડ્યા પછી એક વાર દોરીને લઈ જતો હતો ત્યાં ચોકસી કાર લઈને મારી આગળ નીકળી ગયા. બીજે દિવસે ઑફિસમાં વાત ફેલાવી. ચંચલ સાઇકલ દોરીને જતા હતા. પંક્ચર રિપેર કરવાના પૈસા નહીં હોય. પગાર બધો જૂની-નવી રેકર્ડો ખરીદવા પાછળ ખર્ચી નાખે છે, પછી ક્યાંથી હોય?

"મેં આ લોકોને વાત કરી હતી," ચોકસી ગર્વથી બોલ્યા, "કે આજ ચંચલ પાસે ભલે કેટલીક કાર હોય પણ એક જમાનામાં તો એની પાસે..."

રહેમત ખાન મજાકના સૂરમાં બોલ્યા, "ઔર ઈનકી બાત તો સચ હોની હી ચાહીએ... ક્યું કી વે બતા રહે થે કી આપ ઈનકે અન્ડર મેં સિર્ફ એક મામૂલી ક્લાર્ક થે!"

"અને એમને તો હું દરરોજ વઢતો." ચોકસી બોલ્યા, "આજે

ભલે ગમે તેટલા મોટા માણસ થઈ ગયા હોય પણ એક વાર તો...”

શ્રોતાઓની ઇંતેજારી વધતી જતી હતી, કદાચ. મુખ્ય યજમાન આ દરમિયાન આવીને મને ત્રણ વાર કહી ગયા. લલિત ક્યારનોય ઊંચોનીચો થતો હતો. મને થયું કે મારે હવે જલદી મારા માટે સજાવેલી બેઠક પર પહોંચી જવું જોઈએ.

બેઠક તરફ જતો હતો ત્યાં જ ખભે કૅમેરા ભરાવેલો એક પત્રકાર જેવો માણસ મારી સાથે થઈ ગયો. “ઑન્લી વન ક્વેશ્ચન.” એણે કહ્યું, “એ ખરી વાત છે કે આપે સંગીતનાં આટલાં મોટાં શિખરો સર કર્યાં પણ એક જમાનામાં આપે આપની કૅરિયરની શરૂઆત માત્ર મામૂલી ક્લાર્ક તરીકે કરેલી?”

ચોકસી મારી આગળ-આગળ ચાલતા હતા. એમની સફારી પીઠ ભણી જોઈને હું બોલ્યો, “બીજો કોઈ સવાલ?”

પત્રકાર અળગો થઈ ગયો. હું બેઠક પર ગોઠવાયો. રહેમત ખાન અને ગોવિંદ શર્મા તો ગોઠવાઈ જ ગયા હતા. શ્રોતાઓ શાંત થઈ ગયા. મેં હાર્મોનિયમ હાથમાં લીધું. આંખો બંધ કરી. સૂર મેળવ્યા, પણ કોણ જાણે કેમ મન ચોંટતું નહોતું. છતાં મેં સૂર ઉપર આંગળીઓ ફેરવી. જરૂરી સૂર અને એની સપાટી આવતાં મેં હળવું ઠસકું ખાધું. પેટી વગાડવી બંધ કરી. એક ક્ષણ જાતમાં સ્થિર થવા થોભ્યો. પછી તો બસ પ્રવાહી બનીને બે-ત્રણ કલાક સુધી વહેતા રહેવાનું હતું. ત્યાં છવાયેલી શાંતિના વાતાવરણમાં કોઈના ધીમા શબ્દની કાંકરી ફેંકાઈ. ચોકસીની બાજુમાં બેઠેલા અને નેપાલી-કૅપ પહેરેલા માણસને હાથમાં તાળી આપી, કાન પાસે મોં લઈ જઈને કહેતા હતા, “મેં કહ્યું ને... આજે એ ગ્રેટ થઈ ગયો પણ એક વાર તો મીઅરલી એ...”

મેં આંખ ઉઘાડીને શ્રોતાઓ તરફ જોયું. પેટીને એક તરફ જરી હડસેલી કહ્યું, “માફ કરજો... આજે હું ગાઈ નહીં શકું.”

# માફી ન આપનારને માફ ન કરાય

બોલતાં-બોલતાં જાણે કે હું સાવ નગણ્ય નાનું જંતુ બની ગયો. મારા ગળામાંથી માંડ-માંડ શબ્દો નીકળ્યા, "મારી ભૂલ થઈ ગઈ. મને માફ કરો."

"માફીના સગલા," જાનુમાસી લાલપીળાં થઈને બોલ્યાં, "તારાથી એવું થાય જ કેમ? મૂઆ ફાટી પડ્યા, લીલી તો તારી બે'ન જેવી કહેવાય, તારાથી એની ઉપર બૂરી નજર..."

"મારી ભૂલ થઈ ગઈ!" હું બોલ્યો અને નીચે ધરતીના તળમાં ઊતરી જવું હોય એમ નજરથી એને ખોતરી રહ્યો, "મને થાય તે સજા કરો."

"તને તો શૂળીએ લટકાવી દેવો જોઈએ તોય ઓછું પડે." માસી ડોળા ચમકાવીને બોલ્યાં.

સારું થયું કે એ જ વખતે લાલુમામા આવી ગયા. મામલાની પૂરી જાણકારી એમને હતી. હું બે હાથ લટકાવીને નીચું જોઈને ઊભેલો. તરત જ મને નજરથી માપીને બોલ્યા, "હવે તું જઈશ અહીંથી?"

"માસી મને કહે કે તને માફ કર્યો તો... તો જ જાઉં." એમ બોલવા જતો હતો. "નહીં તો જીવ કાઢી દઈશ." એવી વાત પણ જીભે આવું-આવું થઈ ગઈ, પણ જીભ જ ના ઊપડી.

"તુંય શું બે'ન!" લાલુમામા માસી તરફ જોઈને બોલ્યા, "કહી દે ને માફ કર્યું. હવે કોઈએ દી કરીશ મા હવે." પછી એમનો સ્વર ધીમો પડી ગયો. "છોકરું છે, ભૂલ થઈ જાય."

ભૂલ જ થઈ ગઈ હતી. લીલી અને હું નાનપણથી ભેગાં રહ્યાં. એવો તેવો વિચાર નહીં આવેલો. એણે છેલ્લાં ત્રણ-ચાર વરસમાં ગજું કાઢ્યું. ટાપટીપ કરવા માંડી. બહુ અણિયાળી થઈને ફરવા માંડી અને

વાતે-વાતે મને “છોકરી જેવો છોકરો, છોકરી જેવો છોકરો” કહીને ચીડવવા માંડી. હું શું કરું? બહુ દૂરનાં તો દૂરનાં, પણ માસીની છોકરી છે એમ માનીને નજરને જબરદસ્તીથી એના ભણીથી વાળી લેવા માંડ્યો, પણ રાતે બહુ બૂરા વિચારો સતાવવા માંડ્યા. છતાં ઘણી વાર એને જોઈને આંખ ચાર થઈ જતી હતી. બસ, એ જ દિવસોમાં મંદિરમાં એ મારી બાજુમાં મને અડીને ઊભી રહેલી. હનુમાનજીનું મંદિર હતું. મેં બે હાથ જોડેલા અને બંને કોણીઓને બહુ સમાલીને રાખેલી. લીલી મને જોઈને બોલી, “ભગત” અને પછી બીજી સ્ત્રીઓની માફક પાછળ હાથ રાખીને ઊભી રહી. સીનો તાણીને બોલી, “જો અમે બૈરાંઓ તો હનુમાનજીને આમ પગે લાગીએ. જો.”

જોવાનું કશું જ જોયા વગર મેં નજરને વાળી લીધી. ત્યાં જ પાછળથી બીજા યાત્રાળુઓનો જોરદાર ધક્કો આવ્યો. મંદિરના દ્વાર સુધી હું ધકેલાઈ ગયો. મારી સાથોસાથ અડોઅડ લીલી પણ. મારા જોડેલા હાથ મારી છાતી સાથે ચપ્પટ થઈ ગયા અને સમાલેલી કોણીઓ જરા બહાર નીકળી ગઈ. હાથને કશોક માંસલ સ્પર્શ થયો. કોઈએ જાણે ક્યાંથી મગજમાં વંટોળિયો ચડ્યો અને બધું જ ભુલાઈ ગયું.

“હાય હાય, જુઓ તો ખરા?” કોઈએ બોલ્યું તે મેં તો નહીં પણ લીલીએ સાંભળ્યું હશે, મારા હાથનો પાશ છોડાવીને તે ભાગી.

ભૂલ જ હતી. બીજું કશું જ નહીં. પાપ કહેવાય તો એ પાપ હતું, પણ એ કપટ નહોતું. શરીરની નિખાલસતા હતી. જે પળે એણે જે અનુભવ્યું, જેવો આદેશ મળ્યો એવું કર્યું. વંટોળિયાની ડમરીમાં બધા સમતોલ વિચારો પર ધૂળ ફરી વળી. જ્યારે ડમરી શમી ત્યારે પહેલામાં પહેલી જે લાગણી થઈ તે પારાવાર પસ્તાવાની થઈ.

મને પકડીને કોઈએ બે બૂસટ ચડાવી દીધી અને પછી કોઈએ છોડાવ્યો, પણ થરથર કંપતા એવા મને એ જાનુમાસી આગળ લઈ ગયા. મેં ઉંબરામાં પગ દીધો ત્યારે ખિસકોલીની ત્વરાથી અંદરના ઓરડામાં જતી રહેલી લીલીને મેં જોઈ.